18 એપ્રિલ, 2007

## આરબીઆઇ દ્વારા ખાનગી તથા વિદેશી બેંકો માટે પ્રોટેકટેડ ડિસ્કલોઝર સ્કીમ જાહેર કરાઇ

આજ રોજ આરબીઆઇએ ભારતમાં આવેલ ખાનગી તથા વિદેશી બેંકો માટે પ્રોટેકટેડ ડિસ્કલોઝર સ્કીમ જાહેર કરી છે. આ માટે ખાનગી તથા વિદેશી બેંકોને આપવામાં આવેલ પરિપત્રની નકલ, જાહેર જનતા માટે આરબીઆઇની વેબસાઇટ www.rbi.org.in ઉપર મુકવામાં આવી છે. તમામ જાહેર ક્ષેત્રની બેંકો તથા રિઝર્વ બેંકને (કેન્દ્રીય ધારા અંતર્ગત સ્થપાય હોવાના કારણે) ભારત સરકારની આ સ્કિમમાં પહેલેથીજ આવરી લેવામા આવી છે.

ભારતમાં આવેલ ખાનગી તથા વિદેશી બેંકો માટેની આ સ્કીમ ભારત સરકારની તા. 21 એપ્રિલ, 2004 નાં ઠરાવના ધારા ધોરણ મુજબ રચવામાં આવી છે જેના અંતર્ગત મુખ્ય સતર્કતા અધિકારી (સીવીસી) ને આ સ્કીમ હેઠળ લેખિત કે મૌખિક ફરીયાદ (ભ્રષ્ટાચાર અથવા કાર્યાલય અને હોદ્દાના દુરુપયોગને લગતી કે જે કેન્દ્ર સરકારના કોઇપણ કર્મચારી અથવા તેના અંતર્ગત સ્થપાયેલ કંપની, નિગમ, સોસાયટી અને સ્થાનિક કાર્યાલય વિરૂધ્ધ લઇ શકશે તથા તે અંગે યોગ્ય પગલાઓ સુચવે છે.

અહીં જણાવવુ યોગ્ય છે કે જાહેર જનતાનો વિશ્વાસ વધારવા તથા નાણાકીય સ્થિરતા લાવવા માટે આરબીઆઇ દ્વારાજ ખાનગી ક્ષેત્ર તથા વિદેશી બેંકોને આવરી લેતી પ્રોટેકટેડ ડિસ્કલોઝર સ્કીમની ભલામણ કરવામાં આવી હતી. આ સ્કીમને લગતો મુસદ્દો આરબીઆઇએ તારીખ 25 જાન્યુઆરી 2006ના રોજ તેની વેબસાઇટ ઉપર મુકયો હતો તથા તેને લગતા સલાહ સુચનો જાહેર જનતા તથા અન્યો પાસેથી આવકાર્યા હતા.

હવે આ સ્કીમ માટે મળેલા તમામ સુચનો વગેરે ને આવરી લઇ તેને આખરી ઓપ આપી તાત્કાલીક ધોરણે જાહેર કરી દેવામાં આવી છે.

અલ્પના કિલ્લાવાલા
મુખ્ય મહા પ્રબંધક

પ્રેસ રિલીઝ : 2006-2007/1423